# હાથી અને સસલાં

**– સંસ્કાર સુધા**

એક જંગલ હતું. તેમાં નાનાં–મોટાં વૃક્ષો, લીલુંછમ ઘાસ. એમાં વચ્ચે એક મજાનું સરોવર. તેનું પાણી કાચ જેવું ચોખ્ખું. આ સરોવરના કિનારે સસલાં રહે, ધોળાં–ધોળાં રૂ જેવાં. ઘાસની ઝાડી એમનું ઘર. કૂણું ઘાસ એમનો ખોરાક.

સવાર પડે અને સાંજ થાય. કૂણું ઘાસ ખાય ને સરોવરે જાય.

એમનાં ભાઈબંધ હતાં, હરણાં ને બતક, ચકલી ને મોર, પોપટ ને મેના. સૌ સાથે રમે, જમે ને કૂદાકૂદ કરે. કિલ્લોલ કરે.

પણ એક દિવસની વાત. ત્રણ સસલાં એમના ભાઈબંધ સાથે રમવા જતાં હતાં. ત્યાં રસ્તામાં સિંહ મળ્યો. તેને જોઈને સસલાં ડરી ગયાં.

બધાં સસલાં ડરીને વિચારવા લાગ્યાં, ''શું કરશું ? ક્યાં જઈશું ?''

ત્યાં એક સસલું બોલ્યું, ''ડરશો નહિ, આપણે ઝાડપર ચઢી ગયાં.

બધાં સસલાં દોડતાંદોડતાં પાસેના મોટા ઝાડ પર ચઢી ગયાં.

એટલામાં સિંહ ચાલતોચાલતો ઝાડ પાસે આવ્યો. ઉપર જોયું, સસલાં ઝાડ પર બેઠાં હતાં.

સિંહે વિચાર્યું, ''સસલાં ઝાડ પરથી નીચે ઊતરશે એટલે ખાઈ જઈશ.''

સિંહ ઝાડ નીચે બેસી ગયો. ઘણી વાર થઈ. તેને ખૂબ ભૂખ લાગી હતી, પણ સસલાં ઝાડ પરથી નીચે આવ્યાં નહિ.

એટલે સિંહ થાકીને ચાલતો થયો.

એ જોઈ ત્રણેય સસલાં કૂદકો મારી નીચે ઊતર્યાં.

થોડી વારે સિંહે પાછળ ફરીને જોયું. સસલાં દોડતાં હતાં. સિંહ એમની પાછળ દોડયો.



સસલાં દોડતાં દોડતાં સરોવારના કિનારે પહોંચ્યાં. ત્યાં એક હાથી ઊભો હતો. હાથી સરોવરમાં નાહતો હતો. સૂંઢમાં પાણી ભરે. ફુવારો ઉડાડે.

સસલાં હાથી પાસે ગયાં.

સસલાં કહે, ‘‘હાથીદાદા, હાથીદાદા, બચાવો, બચાવો.’’

હાથીએ પાછળ જોયું અને બોલ્યો, ‘‘શું થયું ?’’

એક સસલું કહે, ‘‘અમને સિંહ ખાઈ જશે.’’

બીજું સસલું કહે, ‘‘સિંહ દોડતો દોડતો પાછળ આવે છે.’’

ત્રીજું સસલું કહે, ‘‘અમને બચાવો. અમને બચાવો.’’

હાથીએ કહ્યું, ‘‘મારી પીઠ પર ચઢી જાવ.’’

એ સાંભળી સસલાં વિચારવા લાગ્યાં, અને બોલ્યા, ‘‘તમે કેટલા મોટા છો ! અમે તો નાના છીએ. અમે તમારી પીઠ પર કઈ રીતે ચઢીએ ?’’

હાથીએ કહ્યું, ‘‘મારી સૂંઢ પકડીને ચડી જાવ.’’

બધાં સસલાં હાથીની સૂંઢ પકડીને તેની પીઠ પર ચડી ગયાં.

હાથીએ સૂંઢમાં પાણી ભર્યું. તેને રમત થઈ. સૂંઢ ઊંચી કરી. પાણીનો ફુવારો સસલાં પર છોડયો.

બધાં સસલાંને ઠંડા ઠંડા પાણીથી મજા પડી. નાચવા લાગ્યાં અને કહેવા લાગ્યાં, ‘‘હાથીદાદાએ અમને નવડાવ્યા.’’

તેથી હાથીદાદા સૂંઢમાં પાણી ભરી સસલાં પર પાણીનો ફુવારો વારંવાર છોડવા લાગ્યા.

એટલામાં સામેથી સિંહ આવતો દેખાયો. સસલાં ફરી ડરવા લાગ્યાં.

હાથી કહે, ‘‘તમે ડરશો નહીં.’’

હાથીએ સૂંઢમાં પાણી ભર્યું. સિંહ સામે ઊભો હતો. હાથીએ પાણીનો ફુવારો સિંહ પર છોડયો.

બધું પાણી સિંહના નાકમાં, કાનમાં, આંખમાં અને મોઢામાં ગયું. સિંહને તો બીક લાગી. એ તો ભાગી ગયો.

એ જોઈ સસલાં નાચવા લાગ્યાં. તાળી પાડવા લાગ્યાં.

સાંજ થવા લાગી. સસલાં કહે, ‘‘અમારે ઘેર જવું છે.’’

એટલે હાથી કહે, ‘‘મારી સૂંઢ પરથી લસરીને નીચે આવો.’’

બધાં સસલાં એક પછી એક વારા ફરતી સૂંઢ પરથી લસરીને નીચે આવ્યાં.

કૂદાકૂદ કરતાં દોડતાં દોડતાં ઘેર ગયાં.

(સંસ્કાર સુધાંમાંથી સાભાર)

■